## જન્મદિને વધામણી



**તુષાર બારોટ**
નિવાસી તંત્રી,
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



**વાસુ આર ત્રિવેદી**
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



**પરી દિપકભાઈ પરમાર**
મો. ૯૦૫૪૬ ૯૯૧૪૪



**કનુ સોલંકી**
મો. ૯૯૯૮૦ ૪૫૦૧૭



**હર્ષનંદિનીબા રવિરાજસિંહ ગોહિલ**



**ભાવનાબેન વિશાલ મકવાણા**
મો. ૮૭૩૫૮૭૧૦૪૦

### ૨૪મીએ ગાંધીનગર ટાઉનહોલમાં

# ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

ઉદગમ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી પંડિત બ્રિજ ભૂષણ કાબરાની સ્મૃતિમાં ગાંધીનગરમાં પ્રથમ વખત ભારતીય શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમ ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ વીસ વર્ષથી સામાજિક ક્ષેત્રે કાર્યરત છે જેના દ્વારા લોક ઉત્થાનના કાર્યો કરવામાં આવી રહ્યા છે અને વર્ષ ૨૦૧૦થી ગાંધીનગરમાં આતંરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે ઉદગમ વુમન્સ એચિવર્સ એવોર્ડ થી નારીસન્માનનું કાર્ય કરે છે. રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમી એવોર્ડથી સન્માનિત અને હવાઈયન ગિટારને ભારતીય શાસ્ત્રીય સંગીતમાં લોકપ્રિય બનાવનાર મહાન ગિટારવાદક પંડિત બ્રિજ ભૂષણ કાબરાજીની યાદમાં રાત્રીના ૮:૩૦ વાગ્યાથી ૨૪ ઓગષ્ટ ૨૦૧૮ ના રોજ ટાઉન હોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે

ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલમાં વિશ્વ પ્રસિદ્ધ કલાકારો સિતારઃ વિદુશી મંજુ નંદન મહેતા અને સુશ્રી અમિતા દલાલ, ગાયનમાં શ્રી નીરજ પરીખ તથા તબલા : મુંબઈથી ઉસ્તાદ ફઝલ કુરેશીની સાથે સંગતમાં પંડિત નકુલ એમ. મિશ્રા, શ્રી ઈકરામ ખાન (સારંગી), શ્રી શીશીર ભટ્ટ (હાર્મોનિયમ) તેમની કળા દ્વારા શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગ રાગિણીઓનું રસિક શ્રોતાજનોને રસપાન કરાવશે.

મુંબઈ પંડિત અજય ફોનકરજી ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલમાં ખાસ ઉપસ્થિત રહેશે. ગાંધીનગરના ભારતીય શાસ્ત્રીય સંગીતના શોખીનોને શુદ્ધ શાસ્ત્રીય સંગીત માણવા માટે જાહેર આમંત્રણ છે. કાયક્રમમાં પ્રવેશ વિનામૂલ્યે હોવાથી પ્રેક્ષકોને સમયસર પધારવા વિનંતી છે.

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત શાળા કેમ્પસમાં તથા શાળા ફરતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગુડા તરફથી શાળાને આ ઉમદા કાર્યમાં સહાયભૂત થવા માટે ટ્રી ગાર્ડ પૂરા પાડવામાં આવ્યા હતા. મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને આ ઉમદા સમાજકાર્ય બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરની સ્નેક લવર્સ ક્લબ દ્વારા લોકોપયોગી ઍન્ડ્રોઇડ ઍપ્લિકેશન




ચોમાસું આવે એટલે ચારે તરફ હરિયાણી છવાઈ જાય. ચોમાસાના દિવસોમાં એવું પ્રતીત થાય કે જાણે કુદરત ઉત્સવ મનાવી રહી છે. ખરેખર જુઓ તો ચોમાસું એક એવો સમયગાળો છે જેમાં કુદરતે મોટા પાયે સર્જન-વિસર્જનની મોટી પ્રક્રિયા આરંભી હોય છે. સર્પ એ એક ઠંડા લોહીવાળું પ્રાણી છે. ઠંડા લોહીવાળાં પ્રાણીઓને પોતાના શરીરના તાપમાનને નિયંત્રિત કરવા માટે બાહ્ય પરિબળોનો સહારો લેવો પડે છે. એટલે કે શિયાળાના ચાર મહિના સર્પો પોતાના છુપા નિવાસ-સ્થાનમાંથી ભાગ્યે જ નીકળે છે. તમામ સાપ ઉકાળા દરમિયાન પ્રજનન કરે અને ચોમાસામાં ઈંડાંમાંથી બચ્ચાં આવે. ચોમાસામાં તાજાં જન્મેલાં બચ્ચાં અને સર્પોને પણ શિયાળા માટે પૂરતી ઊર્જા જમા કરવા માટે પુષ્કળ ખોરાક મળી રહેતો હોય છે, તેથી મહદ્‌અંશે ચોમાસામાં વધુ સર્પ જોવા મળે છે.

ચોમાસા દરમિયાન જ લોકો પોતાના ઘરે આવી ચડતા સર્પોને મારી નાખતા હોય છે. આજે ગામડાંના ખેડૂતો પણ એન્ડ્રોઇડ ફોન વાપરતા થયા છે ત્યારે ગાંધીનગરમાં સ્નેક લવર્સ ક્લબ ચલાવતા ધર્મેન્દ્ર ત્રિવેદીએ 'સ્નેક લવર્સ ક્લબ' નામની ઍપ ડેવલપ કરી છે. આ ઍપ ગૂગલ ઍપ પરથી ડાઉનલોડ કરી શકાય છે. **(snakeloversclub)**

આ ઍપ અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં ઉપલબ્ધ છે. આ ઍપમાં 'નજીકનું સ્થાન' ટૅબ પર ક્લિક કરી તમારું શહેર અથવા નજીકના શહેરનું નામ પસંદ કરી સર્ચ કરવાથી નજીકમાં સર્પ બચાવ કરતા સ્વયંસેવી વ્યક્તિઓનાં નામ, સરનામાં અને ફોન નંબર મળી જશે. સર્પ ખોરાકની શોધમાં અથવા છુપાવા માટે તમારા ઘરમાં આવી ચડતો હોય છે, તેને મોતને ઘાટ ઉતારવાને બદલે તેને પણ જીવવાની તક આપવી જોઈએ, એવું દૃઢપણે માનતા ધર્મેન્દ્રભાઈએ ગુજરાતના સર્વ સર્પ બચાવનારાઓને આ એપ્લિકેશનના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવવા અને આમ જનતાને સર્પ સંબંધી સમસ્યા હોય તેવા કિસ્સામાં મદદરૂપ થવા અપીલ કરી છે.

સામાન્ય નાગરિકોને પણ આ ઍપ ડાઉનલોડ કરી સર્પ વિશે સાચી માહિતી જાણવા અને પરસ્પર સંરક્ષણ જાળવવા તેમણે વધુમાં અપીલ કરી છે.

# વાર્તાયનમાં રજનીકુમાર પંડ્યા અને અભિમન્યુ આચાર્યનું વાર્તાપઠન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી શરું કરવામાં આવેલ " વાર્તાયન "પર્વ – ૮ ની બેઠક તા. ૧૯, ઓગષ્ટને રવિવારે સાંજે સાડા પાંચ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે બન્ને વાર્તાકારોનો પરિચય આપીને સૌ સર્જકો તથા ભાવકોને આવકારતા કહ્યું હતું કે આજે એક સાથે બે પેઢીના વાર્તાકારો પોતાની વાર્તાઓનું પઠન કરશે. આરંભે અંગ્રેજી લેખકશ્રી વિલિયમ્સ સમરસેટ મોમની જાણીતી વાર્તા " ધ પોએટ" નું રૂપાંતર "મદનમોહિની" નું વાંચન પ્રા.ડૉ. લીનાબેન સ્વાદિયાએ કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં જાનીતા વાર્તાકાર શ્રી રજનીકુમાર પંડ્યાએ




પોતાની " મેમરી ટ્રેઝર " વાર્તા અને શ્રી અભિમન્યુ આચાર્યએ પોતાની મૌલિક વાર્તા "ચુન્ની" વાંચી હતી. આ ત્રણેય વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા – સમીક્ષા કરવામાં આવી હતી. સમરસેટ મોમની અંગ્રેજી વાર્તાનું ભારતીય નામ અને વાતાવરણ આપીને જ્યોતિર વૈદ્યએ રૂપાંતર કર્યું હતું. અભિમન્યુ આચાર્યની વાર્તા એકદમ આધુનિક મહાનગરમાં એકાકી રહેતી એક યુવતિ અને તેની બાહ્ય અને આંતરિક પરિસ્થિતિનું એકદમ વાસ્તવિક ચિત્રણ સંવાદો દ્વારા રજુ કરીને ચુન્ની નામની બિલાડીના પરિસ્થિતિ સાથેના સંદર્ભો ગૂંથીને વાર્તાને રસપ્રદ બનાવી હતી. તો વળી શ્રી રજનીકુમાર પંડ્યાએ ૮૧ વર્ષે પણ આજે ૨૧મી સદીની સૌથી મોટી જરૂરિયાત મેમરી કાર્ડની છે તેને માનવના મન સંદર્ભે વળી લઈને વાર્તા રજુ કરી હતી. ૫૦ વર્ષથી સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત શ્રી રજનીકુમારની વાર્તા પણ અત્યારની પેઢીને ગમે એવી હોવાથી સૌ એ પ્રસંશા કરી હતી. બધાની ચર્ચાને અંતે ડૉ. કેશુભાઈ દેસાઈએ બન્ને વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો.

આ પર્વમાં બન્ને સર્જકોને ભાવકો તરફથી વાર્તા રચના અને શૈલી અંગે કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યા હતા જેના બન્ને સર્જકોએ જવાબો આપીને સૌને વાર્તા સ્વરૂપની નવી વિભાવનાઓથી માહિતગાર કર્યા હતા આ બેઠકમાં જાણીતા સર્જક શ્રી કિરીટ દુધાત, રાઘવજી માધડ, પ્રજ્ઞા પટેલ, કલ્પેશ પટેલ, નટવર હેડાઉ, અમૃત પટેલ, માયાબેન ચૌહાણ, પ્રા.ગેલજીભાઈ ભાટિયા, મૌલિક બોરીજા, સ્વાતિબેન શુકલ, રૂદ્રી શુકલ, રણછોડભાઈ પરમાર, રોહિણી પરમાર, દિલીપસિંહ ઝાલા, વગેરે અનેક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ સંયોજકશ્રી કનૈયાલાલ ભટ્ટે કરી હતી. દર મહિનાના ત્રીજા રવિવારે યોજાતા આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.

# એસ જી સ્કૂલના શિક્ષકો સ્વચ્છાગ્રહ સૅમિનારમાં



એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી શાળાના ત્રણ શિક્ષકોએ સ્વચ્છાગ્રહ સેમિનાર અંતર્ગત અદામી વિદ્યામંદિર, મકરબા, અમદાવાદ ખાતે આયોજિત એક પરિસંવાદમાં ભાગ લીધો હતો. વર્ષ દરમિયાન કરવાની થતી સ્વચ્છતા અંગેની પ્રવૃત્તિઓની ચર્ચા આ પરિસંવાદ અંતર્ગત કરવામાં આવી હતી અને આગામી વર્ષના કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.




પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા સમર્પણ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ દ્વારા ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે નિવૃત્ત પોલીસ અધિકારી સિદ્ધરાજસિંહ ભાટી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે કૉલેજના મેગેઝિન 'ઉડાન'ના બીજા અંકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.



ગુજરાત ટેકનોલૉજીકલ યુનિવર્સિટીની સૅમિસ્ટર-૨ની પરીક્ષાનાં પરિણામોમાં સૅફ્રોની ડિપ્લોમા ઍન્જિનીયરિંગ કૉલેજે ગાંધીનગર ઝોનમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. ડિપ્લોમા મિકેનીકલ અને સિવિલ ઍન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થિની તિથિ શર્મા અને પ્રાચી પટેલે ટૉપ ટૅનમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રિન્સિપાલ પ્રૉ. ઍમ ઍ પટેલે બંને વિદ્યાર્થિનીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરી હતી. ટ્રસ્ટી અને પ્રાધ્યાપકોએ સમગ્ર સંસ્થા વતી બંને વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અમેરિકાએ નિયમો હળવા કર્યા ભારતીય વિદ્યાર્થીઓને થશે લાભ

ગાંધીનગર, તા. ૨૦

યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વિસે પોતાના અગાઉના નિર્ણયમાં ફેરબદલ કરી છે. આ ફેરફાર સાથે હવે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગથી પાસ થનાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કસ્ટમર વર્ક સાઇટ્સ પર રાખવામાં નહી આવે. યુએસસીઆઈએસે શુક્રવાર રાત્રે આ પ્રતિબંધોને નાબૂદ કરતા તેની વેબસાઈટ પર જાહેરાત કરી હતી, જો કે તેમાં એ પણ જણાવાયું છે કે એમ્પ્લોયરોએ તેમની તાલીમની જવાબદારી પૂરી કરવાની રહેશે. તેમજ ૨૦૧૬ના એસટીઈએમ-ઓપીટીના નિયમોને ધ્યાનમાં રાખી "લેબર ફોર હાયર"ની વ્યવસ્થા કરવી. તાલીમ પૂરી કરવાની જરૂરિયાત અને વ્યાપક નિયોક્તા-કર્મચારી સંબંધનું અસ્તિત્વ, બન્ને હમેશા એસટીઈએમ-ઓપીટી કાર્યક્રમનો અભિન્ન અંગ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ૧૨ મહિનાના ઓપીટીને પાત્ર છે જે હેઠળ તેઓ અમેરિકામાં કામ કરી શકશે. જે વિદ્યાર્થીઓએ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિતમાં પોતાની ડિગ્રી પૂરી કરી છે, તેઓ ૨૪ મહિનાના ઓપીટી માટે અરજી કરવા પાત્ર રહેશે. ઓપન ડોર્સ સર્વેમાં જણાવાયું છે કે અમેરિકામાં ૧.૯ લાખ ભારતીય વિદ્યાર્થી છે, જેમાં એસટીઈએમ કોર્સના વિદ્યાર્થી સૌથી વધારે છે.

ઈમિગ્રેશન એજન્સીના થર્ડ પાર્ટી પ્લેસમેન્ટના નિયમોમાં થયેલા ફેરફારોને સીધા જ વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યા હતા. એપ્રિલમાં જાહેર કરાયેલા આ નિયમો હેઠળ એસટીઈએસના વિદ્યાર્થીઓને તાલીમ કાર્યક્રમને નિયોજકો પોતાના કોઈ પણ સમયે કરી શકતા જેના હિસાબે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કામની તક ઓછી મળતી હતી.

આઈટી સેવા કે બીજી કંપનીઓ કે સ્ટાફિંગ ફર્મ્સ જે સામાન્ય રીતે વિદ્યાર્થીઓને કસ્ટમર વર્કસાઈટ ટીમો સાથે રાખતી હતી, જે હવે નહી રાખી શકે. ન્યૂયોર્ક સ્થિત ઈમિગ્રેશન એટોર્ની અને લો ફોર્મના સંસ્થાપક સાયરસ સાઈરેટ મહેતાએ જણાવ્યું કે યુએસસીઆઈએસે એસટીઈએમ-ઓપીટી વિદ્યાર્થીઓની ઓફસાઈટ પ્લેસમેન્ટ પર પ્રતિબંધ ન મૂકતા પોતાના પાછળના નિર્ણયને ફેરવી નાખ્યો છે. જે ભારતીય વિદ્યાર્થીઓ માટે સારી તક સમાન છે.

## ૩૦ વર્ષના ગાળા બાદ ઓક્સફર્ડ યુનિવર્સિટી નવી કૉલેજ શરૂ કરશે

ગાંધીનગર, તા. ૨૦

૩૦ વર્ષના ગાળાં બાદ વિશ્ર્વ પ્રસિદ્ધ ઓક્સફર્ડ યુનિવર્સિટી નવી કૉલેજ શરૂ કરવાની યોજના ઘડી રહી છે. પ્રમાણે ઓક્સફર્ડની પાંચ વર્ષની યોજનામાં ૧૦૦૦ ગ્રેજ્યુએટ રૂમ બાંધવાનો અને ઓછામાં ઓછી એક નવી કૉલેજ શરૂ કરવાનો પ્રસ્તાવ મુકાયો છે. આ અગાઉ ઓક્સફર્ડે ૧૯૯૦માં ફક્ત ગ્રેજ્યુએટ્સ માટેની કેલોગ કૉલેજ શરૂ કરી હતી. નવી કૉલેજ શરૂ કરવાની યોજનાને યુનિવર્સિટીની ગવર્નિંગ બોડીએ ટેકો આપ્યો છે, પણ એ શરૂ કરવા માટે ઓક્સફર્ડના શિક્ષણવિદોની મંજૂરી મળવી જરૂરી છે. યોજના પ્રમાણે અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૩ સુધીમાં વધીને વર્ષે ૮૫૦ અને અંડરગ્રેજ્યુએટ્સની સંખ્યા વર્ષે ૨૦૦ જેટલી થશે.

# ફાર્મા ક્ષેત્રમાં લેટેસ્ટ જાણકારી, ક્વૉલિટી અને ઈનોવેશન ઉજ્જવળ ભવિષ્ય ઘડશે

ગાંધીનગર, તા. ૨૦

ટેકનોલોજીની બાબતમાં જેમ જાપાન, જર્મની અને કોરિયા મોખરે છે, એવી રીતે ફાર્મા ક્ષેત્રમાં ભારતની પ્રગતિની દુનિયાભરમાં નોંધ લેવાઈ રહી છે. આવા સંજોગોમાં ફાર્મા ક્ષેત્રમાં લેટેસ્ટ જાણકારી, ક્વૉલિટી અને ઈનોવેશન જ ઉદ્યોગનું ઉજ્જવળ ભવિષ્ય ઘડશે, એમ ટ્રોઈકા ફાર્માના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ડૉ. કેતન પટેલે જણાવ્યું હતું. એક્યુપ્રેક રિસર્ચ લેબ્સના ફોરમ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ બિલ્ડીંગના ઉદઘાટન સમારોહમાં રાજ્યના વિવિધ ફાર્મસી એકમોના માલિકો, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન ફાર્મસી કૉલેજોના પ્રિન્સીપાલો તથા પ્રાધ્યાપકો તેમજ વરિષ્ઠ રેગ્યુલેટરી અધિકારીઓને સંબોધતા તેમણે એવી માહિતી આપી હતી કે અમે ફક્ત ૧૨ કર્મચારીઓ સાથે કંપનીની શરૂઆત કરી હતી. ફાર્મા કંપનીઓમાં સારી માળખાકીય સુવિધાઓ આવશ્યક હોય છે જ



પણ તેની સાથોસાથ ક્વૉલિટીની જાળવણી કરે તે જ સફળ બની શકે. પ્રગતિ માટે ઉત્કૃષ્ટ કામગીરી સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ છે. ગુણવત્તા પર સતત નિરીક્ષણ એ પ્રગતિની માસ્ટર કી છે. સમારોહમાં એક્યુપ્રેક ઈ-ફાર્મા પલ્સ ઈ-ન્યૂઝલેટરના અમૃત મહોત્સવ સપ્તાહ પ્રસંગે ખાસ સોવેનિયરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ગુજરાત વિભાગના વડા ડેપ્યુટી ડ્રગ કંટ્રોલર ડૉ. અરવિંદ કુકરેટીએ સમારોહમાં જણાવ્યું હતું કે તમારી દાનત સાફ હોય અને ઉત્કૃષ્ટ ગુણવત્તા જાળવીને દવાઓનું ઉત્પાદન કરતા હો તો તમારી પ્રગતિ નિશ્ચિત છે. ફાર્મા ક્ષેત્ર હવે જેનરિક દવાઓના ઉત્પાદન પર પણ ધ્યાન આપતું થયું છે. દવાઓ અને તબીબી સારવાર સામાન્ય જનતાને પરવડે એવી બનાવવાની દિશામાં અનેક પગલાં લેવાઈ રહ્યા છે. દવાઓની ગુણવત્તા પ્રત્યે પૂરતું ધ્યાન અપાય તેના માટે સીડીએસસીઓ અને સ્થાનિક ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઑથોરિટીના અધિકારીઓની ટીમ મળીને સરપ્રાઈઝ ઈન્સ્પેક્શનો કરી રહ્યા છે. એક્યુપ્રેકના મેનેજિંગ ડિરેક્ટર મુળુભાઈ કંડોરીયાએ આમંત્રિત અતિથિઓનું સ્વાગત કરતા કહ્યું હતું કે વેપાર-ઉદ્યોગ સરકાર અને જનતા વચ્ચે કડીરૂપ છે. ઈમાનદારી, મહેનત અને ખંતથી કામ કરીએ તો તેનું ફળ અવશ્ય મળે છે. ભારતમાં રિસર્ચમાં અન્ય દેશોની સરખામણીએ પ્રમાણમાં ઓછો વિકાસ થયો છે. ક્યાંકને ક્યાંક એવા સંજોગો ઊભા થયા તેના કારણે રિસર્ચમાં થવી જોઈએ એટલી ઝડપી કામગીરી થઈ નથી. દેશને હાલમાં પાણી સહિતની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે રિસર્ચની આવશ્યકતા છે. ગુજરાતના ફુડ એન્ડ ડ્રગ વિભાગ (એફડીસીએ)ના ભૂતપૂર્વ કમિશનર ડૉ. એસ.પી. આદેસરાએ તેમાં સૂર પુરાવતા જણાવ્યું હતું કે આગામી વિશ્વ યુદ્ધ પાણી માટે થવાની ધારણા છે. માટે હાલના સંજોગોમાં જળસંચય મહત્ત્વની બાબત છે. સમર્પણની ભાવના હોય, તમારા ફંડામેન્ટલ ક્લિયર હોય અને તમારી કામગીરી પ્રામાણિક હોય તો સંશોધનલક્ષી કંપનીઓને સફળ થવામાં બીજી કોઈ અડચણ આવતી નથી. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. નાનામાં નાના કામને પણ લગે રહોની ભાવનાથી કરવામાં આવે તો તેનું ફળ મોટું મળે છે. એક્યુપ્રેક આ બાબતનું જ્વલંત ઉદાહરણ છે. કંપનીના સલાહકાર બોર્ડના અધ્યક્ષ પદ્મીન બુચે કહ્યું હતું કે એક્યુપ્રેક તરફથી સારું કલ્ચર વિકસાવવામાં આવ્યું છે અને તેની જાળવણી પણ કરાઈ રહી છે. કાર્યક્રમના અંતે કંપનીના ડિરેક્ટર અને ચીફ માર્કેટીંગ ઑફિસર મયુર કંડોરીયાએ આભારવિધિ કરી હતી.